# ખેડૂતોનો હાઈ વોલ્ટેજ પ્રશ્નઃ કિસાન સંઘની મોડાસામાં રેલી



અરવલ્લી જિલ્લા કિસાન સંઘ દ્વારા ખેડૂતોના પ્રાણ પ્રશ્નોને લઈને મોડાસા માર્કેટયાર્ડ ખાતે ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા. ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ ના માર્ગદર્શન મુજબ સમગ્ર ગુજરાતમાં જિલ્લા મથકોએ ધરણાં તેમજ આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ હતો, જે અનુલક્ષીને મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાનો ધરણાંનો તેમજ આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો. ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ખેડૂતોએ બાંયો ચઢાવી હોય તેવું લાગે છે અને જો આગામી દિવોસમાં તેમના પ્રશ્નોનું નિરાકરણ નહીં થાય તો ગામડાઓમાં પ્રવેશ બંધી કરીને વિરોધ દર્શાવશે. ખેડૂતોને વીજળી, વીજળી બિલ સહિતના અનેક પ્રશ્નો છે, જેમનું નિરાકરણ આવ્યું નથી. ત્યારે અરવલ્લી જિલ્લા કિસાન સંઘ દ્વારા મોડાસા એપીએમસી માર્કેટ થી કલેક્ટર કચેરી સુધી રેલી યોજવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા, અને તેમના પડતર પ્રશ્નોનું નિરાકરણ થાય તેવી માંગ કરી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આયોજિત કાર્યક્રમમાં ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રમુખ તેમજ પૂર્વ રાષ્ટ્રીય કાર્યકારની સદસ્ય મગનભાઈ પટેલ તેમજ પ્રદેશ પ્રતિનિધિ કલ્પનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય કિસાન સંઘ અરવલ્લી જિલ્લા પ્રમુખ જીવાભાઈ લટ્ટા એ ખેડૂતોનું હાર્દિક સ્વાગત કરેલ મંત્રીએ ખેડૂતોને પ્રશ્નોથી અવગત કરાવેલ મોટી સંખ્યામાં ગામે ગામ થી ખેડૂત ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સેદ્રાસણ ગામમાં અજાણ્યા શખ્સો દ્વારા લગાડેલા વિવાદિત બોર્ડ દુર કરાયું

સેદ્રાસણ ગામમાં અજાણ્યા શખ્સો દ્વારા શનિવારે રાત્રે લગાડેલા વ્યાપાર માટે લઘુમતી લોકોએ ગામમાં આવવું નહીં એવા વિવાદિત બોર્ડ ગામના આગેવાનો દ્વારા દૂર કરવામાં આવેલ છે. પાલનપુર તાલુકાના સેદ્રાસણ ગામે લઘુમતી સમાજમાંથી આવતા ફેરિયાઓ (વ્યાપારી)ના પાસેથી કોઈ ખરીદી ન કરવી તે કે ગામમાં પ્રવેશ ન કરવા તેવા અજાણ્યા શખ્સોએ બોર્ડ લગાવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જે બોર્ડને પંચાયતના વહીવટદાર દ્વારા ઉતારી લેવામાં આવેલ છે. તેમજ ગામમાં આવા અન્ય કોઈ બોર્ડ લગાવવામાં આવેલ નથી તેની સ્થળ ચકાસણી કરી વહીવટદારએ તાલુકા વિકાસ અધિકારી દ્વારા જાણ કરવામાં આવી છે. તેવું તાલુકા વિકાસ અધિકારી અભિષેક પરમારે જણાવ્યું હતું.

## લોહ બોલો ત્રણ દિવસ પહેલા ચોરાયેલી સાયકલ બાળ સેનાએ શોધી કાઢી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના માતૃછાયા સોસાયટી માંથી ત્રણ દિવસ પહેલા ચોરાયેલી સાયકલ ત્રીજાજ દિવસે બાળ સેનાએ શોધી કાઢી હતી. પ્રાંતિજ ના એપ્રોચરોડ રોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટી મા રહેતા જીગ્નેશભાઇ કાંન્તીભાઇ પટેલ ના પુત્ર ની અંદાજે દશ હજાર રૂપિયા ની કિંમત ની સાયકલ ની ચોરી થઈ હતી તો સાયકલ ચોરાયાના ત્રણ દિવસ બાદ માતૃછાયા સોસાયટીના બાળકો સોસાયટીમા રમતા હતા તે દરમ્યાન ચોરાયેલી સાયકલ રોડ ઉપર થી પ્રસાર થતા બાળ સેના દ્વારા સાયકલ ઓળખી જતા બાળકો એ સાયકલ ચોર ને ઉભો રાખી બુમાબુમ કરતા સોસાયટીના રહીશો આવી ગયા હતા અને પુછપરછ કરતા સાયકલ ચાલકે એક દિવસ અગાઉ જ સાયકલ ૮૦૦ રૂપિયામા ખરીદી કરી હોવાનુ જણાવ્યુ મળ્યુ હતુ અને સાયકલ ખરીદી પેટે સાયકલ ખરીદ નાર ને ૬૦૦ રૂપિયા આપ્યા હતા અને ૨૦૦ રૂપિયા આપવાના બાકી હતા ત્યારે ૨૦૦ રૂપિયા લેવા આવતા તેને પણ ઝડપી પાડયો હતો ત્યારે બાળકોએ પોતાની સાયકલ ચોરાયેલી પોતાની ચેતનતા અને જાગૃતતા ને લઈ ને ઓળખી કાઢી હતી.

## રાજસ્થાનના ઉદયપુરમાં બનેલી ક્રુર ઘટનાની આક્રોશની આગ પાલનપુર પહોંચી..!



રાજસ્થાન ઉદયપુરમાં દરજીની અને મહારાષ્ટમાં નિર્મમ હત્યાઓની ઘટનાઓથી વ્યથિત પાલનપુરના હિન્દુ સમાજના આગેવાનો, વેપારીઓએ સોમવારે રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો. અને આવા આતંકીઓને જાહેરમાં ફાંસીની સજા કરવાની માંગ સાથે હજારોની સઁખ્યામા એરોમા સર્કલ થી રેલી સ્વરૂપે નીકળી જિલ્લા કલકેટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. સમગ્ર રસ્તા પર માનવ મહેરામણ ઉમટયો હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ઉદયપુરમાં દરજીની બે આતંકીઓ દ્વારા ઘાતકી હત્યા કરવામાં આવી હતી . જે બાદ ફરીથી મહારાષ્ટના અમરાવતીમાં હત્યા કરવામાં આવતા સોમવારે સવારે ૧૦ વાગે પાલનપુરમાં એરોમા સર્કલ નજીક જીડી મોદી કોલેજ આગળ હિન્દુ સમાજના આગેવાનો, જુદા જુદા વેપારી એસો. સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ઉમટી પડ્યા હતા. વેપારીઓએ પોતાના વેપાર ધંધા સવારે ૨ કલાક માટે બંધ રાખી રેલીમાં જોડાયા હતા. અંદાજિત ૨ હજાર લોકોની રેલી જયશ્રી રામના નારા લગાવી હત્યારાઓને ફાંસી આપોની માંગ સાથે જેમ જેમ આગળ વધતી હતી તેમ તેમ લોકો તેમાં જોડાઈ રહ્યા હતા. એસટી બસપોર્ટ, જિલ્લા પંચાયત સંકુલ બાદ કલેકટર કચેરીના સંકુલ પાસે રેલી પહુંચતા સૂત્રોચ્ચાર વધી ગયા હતા. તમામ લોકો બહાર કેમ્પસમાં ઊભા રહી ગયા બાદ ચુનંદા પ્રતિનિધિઓએ કલેકટરની ચેમ્બરમાં જઈ રાષ્ટ્રપતિને ઉદેશતું આવેદનપત્ર કલેકટર આનંદ પટેલને પાઠવ્યું હતું. હિન્દુ અગ્રણી ચંદ્રેશ ઠાકરે જણાવ્યું હતું કે, ઉદયપુર અને અમરાવતીમાં જે હત્યાઓ થઈ છે તેને અમે હિન્દૂ સમાજ વખોડીએ છીએ તેમજ આવા તાલિબાન અને હિન્દૂ વિરોધી હત્યા કરનારા આતંકીઓને જાહેરમાં લટકાવી ફાંસી આપવી જોઈએ તેમજ સરકારે તેવો કાયદો બનાવવો જોઈએ.

# ધનસુરા તાલુકાની રામપુરા (ભારૂજીના મુવાડા) પ્રા.શાળાના જન્મ દિવસની ઉજવણી

## મોટી સંખ્યામાં આમંત્રિતો અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

ધનસુરા તાલુકાની રામપુરા(ભારૂજીનામુવાડા) પ્રા.શાળાની સ્થાપના થઈ હોવાથી સોમવારે જન્મ દિવસની ઉજવણી જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, તાલુકા પંચાયત સદસ્ય વિણાબેન વિનોદભાઈ પટેલ, આકરૂન્દ ગ્રામ પંચાયત સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ, આકરૂન્દ કેળવણી મંડળ સહમંત્રી દિનેશભાઈ એચ. પટેલ, શાળામાં ફરજ બજાવી ગયેલા ભૂતપૂર્વ શિક્ષક રમજાનિશા દિવાન, રણછોડભાઈ પ્રજાપતિ, પ્રફુલ્લાબેન પટેલ, કિરણબેન પટેલ સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળાઓને જન્મ દિવસ ઉજવણી માટે જણાવાતાં તેના ભાગરૂપે શાળામાં જન્મ દિવસની ઉજવણીનો કાર્યક્રમ કેક કાપીને યોજાયો હતો જેમાં ઉપસ્થિત મહેમાનોએ શાળાના વિકાસ માટે દાન આપ્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર શાળાઓમાં સરકારની સૂચના પછી શાળાના જન્મ દિવસની ઉજવણીઓ શરૂ થઈ છે. તાલુકાની રામપુરા (ભારૂજીનામુવાડા) પ્રા. શાળાના આચાર્ય ભાવનાબોન જીતેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા.૪ જુલાઈના રોજ શાળાના જન્મ દિવસની ઉજવણી મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારીએ શાળાના વિકાસ માટે અમૂલ્ય સહયોગ આપવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે આકરૂન્દ સેવા મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ, વાઈસ ચેરમેન બાબુસિંહ સોલંકી, આંતરીક ઓડીટર કાળાભાઈ રબારી, આકરૂન્દ દૂધ મંડળીના પૂર્વ ચેરમેન હર્ષદભાઈ પટેલ, આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, પૂર્વ મંત્રી ઈશ્વરભાઈ ગોબરભાઈ પટેલ, ઈશ્વરભાઈ પૂંજાભાઈ પટેલ, આકરૂન્દ ગ્રામ પંચાયત સદસ્ય રાકેશભાઈ એમ. પટેલ, પત્રકાર અને ધનસુરા તાલુકા ભાજપ સંગઠન પૂર્વ મંત્રી વિનોદભાઈ બી. પટેલ, સી.આર.સી. કો.ઓર્ડીનેટર ઘનશ્યામભાઈ પટેલ, જૂથ મંત્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ સહિત અનેક આમંત્રિતો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ મહેમાનોને શાળાના મુખ્ય શિક્ષક ભાવનાબેન પટેલે આવકારી જન્મ દિવસની ઉજવણીનો હેતુ જણાવ્યો હતો.

### પરિવાર બહાર ગામ ગયોને ફ્લેટમાં તસ્કરો ત્રાટક્યા

# બાયડમાં બંધ ફલેટના દરવાજાનું તાળું તોડી રૂા. ૩.૫૦ લાખના સોનાના ઘરેણાંની ચોરી

## ચોમાસામાં પોલીસને તસ્કરોએ પડકાર ફેંક્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

બાયડમાં ચોમાસાની સીઝનમાં સક્રીય થયેલા તસ્કરોએ પોલીસને પડકાર ફેંક્યો છે. મધુરમ હોમ ફૂલેટમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો । તિજોરીમાંથી રૂ ૩,૫૦,૦૦૦ની કિંમતના સોનાના ઘરેણાં ચોરી પલાયન થતાં પોલીસ દોડતી થઈ છે. પટેલ પરિવાર ફૂલેટ બંધ કરી ધમેડાકંપા ખાતે સગાને ત્યાં ગયો હતો જે સમયે તસ્કરોએ ખેલ પાડ્યો છે.



બાયડમાં પોલીસનું નાઈટ પેટ્રોલીંગ કાગળ ઉપર ચાલતું હોવાના કારણે ગમે તે સીઝનમાં તસ્કરોનો આતંક જોવા મળતો હોય છે. અગાઉ થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ નિવડી છે ત્યાં હવે ચોમાસામાં પણ તસ્કરોએ પોલીસને નવા જુસ્સા સાથે પડકાર ફેંક્યો છે. બાયડના મધુરમ હોમ ફુલેટમાં રહેતા અને ગીફ્ટ આર્ટીકલ્સનો ધંધો કરતા અમિત મગનભાઈ પટેલ અને પરિવાર ધરમેડાકંપા ફૂલેટ બંધ કરી સગાને ત્યાં ગયા હતા જે દરમ્યાન તા.૨૩ ની મધ્યરાત્રિએ તસ્કરોએ બંધ ફૂલેટના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો જેમાં બીજા રુમની તિજોરીમાંથી તસ્કરો સોનાનો હાર, બુટ્ટી તેમજ કાનની શેરો સહિત અંદાજીત ૭ તોલા વજનના ઘરેણાં ચોરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બીજા દિવસે પરત આવેલા પરિવારને ફૂલેટમાં ચોરી થયાનું જણાઈ આવતાં તપાસ કરી હતી જેમાં રાત્રે ત્રાટકેલા તસ્કરો રૂ ૩,૫૦,૦૦૦ની કિંમતનાં ઘરેણાં ઉસેડી ગયાનું જણાતાં પોલીસને જાણ કરી હતી. હજુ તો વરસાદી માહોલ માંડ જામ્યો છે ત્યાં તસ્કરોએ ફૂલેટમાં તાળાં તોડી ચોરીના બનાવને અંજામ આપ્યો છે જેથી આગામી સમયમાં રાત્રે વરસાદી માહોલમાં વધુ મકાનોને તસ્કરો નિશાન બનાવી શકે તેવી દહેશત વ્યક્ત થઈ છે.

**જિલ્લા પોલીસ વડા દરેક મોરચે નિષ્ફળ**

જિલ્લામાં છાશવારે પોલીસ કર્મી અને પોલીસ અધિકારીઓની બદલીઓ થઈ રહી છે છતાં તસ્કરી, દારૂની હેરાફેરી સહિતના ગંભીર ગુનામાં ઉછાળો આવી રહ્યો છે. એક પછી એક અનેક વિસ્તારોમાં ડ્રોન દેખાઈ રહ્યાં છે છતાં પોલીસ આવું કશું ન હોવાના રાગ આલાપી રહ્યું છે. એક રીતે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દરેક મોરચે નિષ્ફળ જતા હોવાની છબી આકાર લઈ રહી છે.

# ડ્રોન ઉડતા ન હોવાની બાબતમાં પોલીસનો લૂલો બચાવ ખુલ્લો પડ્યો

## બારનોલીના આકાશમાં રાત્રે ઉડતા ડ્રોનનો વિડીયો વાયરલઃ ડ્રોન ઉડવામાં હવામાં ફીફાં ખાંડતી જિલ્લા પોલીસ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

બાયડ-ધનસુરાના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે રહસ્યમય ડ્રોન ઉડતાં હોવાની બાબતમાં પોલીસ કોઈ તથ્ય ન હોવાનું કહી ભૂલો બચાવ કરી રહી છે ત્યાં ગત રાત્રે ધનસુરાના બારનોલીના આકાશમાં ડ્રોન દેખાયા પછી વિડીયો વાયરલ થતાં ડ્રોનનું રહસ્ય ઉકેલવામાં ફાંફાં ખાંડતી જિલ્લા પોલીસ સત્ય હકીકતને સ્વીકારશે કે પછી તપાસ ચાલુ હોવાનું રટણ કરશે..?? તેવા સૂચક સવાલો આમ પ્રજામાં પૂછાઈ રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે આકાશમાં ઉડતા ડ્રોનથી ભયનો માહોલ ઉભો થયેલો છે. પોલીસ દ્વારા અગાઉ બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ડ્રોન ઉડતાં દેખાયા પછી રહસ્ય ઉકેલવા માટે સ્થાનિક સરપંચો સાથે બેઠકનો દોર શરુ કરવામાં આવ્યો હતો જે ખુદ પોલીસે સ્વીકાર્યા પછી પણ તપાસમાં પોલીસ કશું ઉકાળી શકી નથી. રાત્રે કયા કારણોસર ડ્રોન ઉડાડવામાં આવી રહ્યાં છે, કઈ જગ્યાએથી ડ્રોન ઓપરેટ થાય છે તે પ્રજા સમજી શકી નથી પરંતુ ખુદ પોલીસ પણ ડોન મુદે હવામાં બાચકાં ભરી પોતાનો લૂલો બચાવ કરતી જોવા મળી રહી છે. ગ્રામ્ય પ્રજામાં રાત્રે જ ઉડતા ડ્રોનથી દહેશતનો માહોલ ઉભો થયેલો છે પરંતુ તપાસ ચાલુ હોવાનું રટણ કરતી



પોલીસ ડ્રોનની તપાસમાં નિષ્ફળ રહી છે. તાજેતરમાં અલવા ગામના ટોલનાકા પાસે રાત્રે આકાશમાં ચક્કર લગાવી ડ્રોન ગાયબ થઈ ગયા પછી મોડેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી છે અને ટોલનાકાના સી.સી.ટીવીમાં પણ કોઈ ફળદાયક હકીકત જણાઈ આવી નથી તેવું ગળે ન ઉતરે તેવું બહાનું શોધી કાઢ્યું હતું. ટોલનાકાના સી.સી.ટીવી કેમેરા રોડ ઉપર અવર જવર કરતા વાહનો દેખાય તે રીતે લગાયેલા છે. જ્યારે ટોલનાકા વિસ્તારમાં ડ્રોન સી.સી.ટીવીમાં ન આવે તેટલી ઉંચાઈએ ઉડી રવાના થઈ ગયા હોવાથી પોલીસની આ હાસ્યાસ્પદ થીયરી કોઈને પચી નથી ત્યાં ધનસુરા તાલુકાના બારનોલી ગામે ફરીથી રાત્રે આકાશમાં ડ્રોન ઉડતું જોવા મળતાં ગ્રામજનો ચોકી ઉઠ્યા હતા. ડ્રોન દેખાયું ડ્રોન દેખાયુંની બુમો શરુ થતાં મોટાભાગના ગ્રામજનો રાત્રે ઘરની બહાર દોડી આવ્યા હતા જેમાં આકાશમાં ઝગારા મારતું ડ્રોન ચક્કર લગાવતું જોવા મળ્યું હતું જેથી સ્થાનિક કેટલાક ઈસમો દ્વારા આકાશમાં ઉડતા ડ્રોનનો વિડીયો ઉતારવામાં આવ્યો અને જોત જોતામાં જ બારનોલી ગામના આકાશમાં ઉડતા ડ્રોનનો વિડીયો વાયરલ થતાં હવે પોલીસ માટે ગ્રામજનોએ ઉડતું ડ્રોન જોયું કે પછી ખુલ્લી આંખે કોઈ સ્વમું તો નથી જોયું તે તપાસનો વિષય બની ગયો છે. અત્યાર સુધી ખુદ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા ડોન બાબતની ગુપ્ત રાહે તપાસ થતી હોવાની વાત સ્વીકારવામાં આવતી હતી પરંતુ તપાસમાં કશુંજ હાથ લાગ્યું ન હોવાથી હવે ડ્રોન ઉડવાની બાબતને જાણેઅજાણે રદીયો આપવાની પેરવી કરાતાં આકાશમાં ઉડતા ડ્રોને અનેક રહસ્યો ઉભા કર્યા છે.

# જે રાષ્ટ્રનો રાજા જ ઉર્ઝાવાન હોય એ રાષ્ટ્રની એનર્જી વિશે શું કહેવું?

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???**

બાયડ તા.૫

નરેન્દ્ર એક એવું નામ કે તેમાં ઈન્દ્રની વિશેષ એનર્જી ઈન્બ્યુલટ થયેલી છે!! મોદીજીને પસંદ કરનારાઓ હોય અથવા તેમની ટીકા કરનારાઓ હોય પણ દરેકે એક વાતનો તો સ્વીકાર કરવો જ પડશે કે...."વર્તમાન ભારતના રાજકીય નેતાઓમાં સૌથી વધુ એનર્જી તો મોદીજીમાં જ છે!!!" ૭૨ વર્ષે પણ ૩૨ ના યુવાનને શરમાવે તેવી તાઝગી અને સ્ફૂર્તિ એટલે ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી!! પસંદ ના પસંદ એ પોત પોતાનો અંગત અધિકાર છે પણ જયારે કદર કરવાની વાત આવે ત્યારે કોઈપણ વ્યક્તિના સારા ગુણની કદર અવશ્ય કરવી જોઈએ...

એક દિવસ આસામ તો બીજે દિવસે કર્ણાટક, સાંજે તામિલનાડુથી દિલ્હી તો સવારે ઉઠીને જર્મની અને હજી જર્મની ભૂંસાયું ના હોય ત્યાંતો દૂબાઈના શેખ જોડે ટીવી સ્ક્રીન ઉપર હાથ મિલાવતા નજરે પડે!! ગઝબની એનર્જી આ મહાપુરુષમાં ભરેલી છે!! મોદીજીના જીવનમાં થાક જેવો શબ્દ જ નથી...!! મોદીજી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે આહવા ગયા હતા ત્યારે એક આદિવાસી વિધાર્થીએ મોદી સાહેબને પ્રશ્ન કર્યો કે તમો આટલી દોડાદોડ કરો છો ખૂબ પરિશ્રમ કરો છો તો તમોને થાક નથી લાગતો??? પ્રશ્નનો જવાબ પણ મોદીજીએ એનર્જી વાળો આપ્યો...."કામ કર્યાનો કોઈને ક્યારેય થાક નથી લાગતો...કામ પૂરું કર્યાનો તો સંતોષ થતો હોય છે!!" હવે જુવો કે એમની સોચ્ અને વિચાર જ ઉર્ઝાવાન છે તો એમને ક્યાંથી થાક લાગવાનો???

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મા. પ્રણવ મુખર્જીએ વડીલ હોવાને નાતે પોતાના માટે પણ થોડોક સમય કાઢવા સલાહ આપી હતી ત્યારે પણ મોદીજીએ પોતાનો સમય રાષ્ટ્રને સમર્પિત હોવાની વાત કરી હતી... આજે આટલી ઉંમરે આપણા પ્રધાનમંત્રી ઉર્જાથી લથબથ છે ત્યારે તેઓ આજના યુવાનો માટે પણ પ્રેરણાસ્ત્રોત છે!! રાષ્ટ્ર માટે આ કામ કરી લઉં, તે કામ કરી લઉં એ તેમની નેમ રહી છે.... એક એક મિનિટનો સદુપયોગ કરવાનું તો કોઈ એમની જોડેથી શીખે... રાજકીય વિચારધારામાં અલગ અલગ પક્ષના ભિન્ન ભિન્ન મત હોઈ શકે પરંતુ પરિશ્રમ, નિષ્ઠા, રાષ્ટ્રવાદમાં નરેન્દ્રભાઇ અજોડ વ્યક્તિત્વ છે !!

ભારતમાં અનેક ભાષાઓ, અનેક સંપ્રદાય, અનેક રાજકીય વિચારધારા હોવા છતાં પણ મોદીજીની રાષ્ટ્ર પ્રત્યેની કૃતજ્ઞતા વહેતી ધારા માફક અવિરત વહી રહી છે અને તે પણ સ્થિતપ્રજ્ઞ થઈને રાષ્ટ્રના વિકાસ માટે પ્રયત્નશીલ છે તેમની કદર તો કરવી જ રહી... "હીરાબાના કૂખે જન્મેલો આ હીરો આજે વિશ્વભરમાં તેમની કાર્યપ્રણાલી અને કઠોર પરિશ્રમ માટે ઉદાહરણ બનીને ચમકી રહ્યો છે...." લોકો કહે તમે મોદી ભક્ત છો એટલે આવું બોલશો પણ વિશ્વના તમામ દેશો પણ આ હીરા થી અંજાઈને રહી ગયા છે, તો શું વિદેશના લોકોને મોદી ભક્ત કહીશું કે મોદી ઘેલા કહીશું??? એક ઉર્ઝાવાન નેતૃત્વ ભારતને મળ્યું છે એટલે આજના ભારતમાં પણ ખૂબ એનેર્જી આવી ગઈ તે વાતને કોઈ નકારી ના શકે...

# મોડાસાના સાકરિયા નજીક સુરતના પરિવારને નડ્યો અકસ્માત

**વાંસ ભરેલી ટ્રક પાછળ કાર ઘૂસી, ૫ લોકો ઇજાગ્રસ્ત**

મોડાસા, તા. ૫



અરવલ્લી જિલ્લામાં હાલ અકસ્માતની ઘટનાઓ ઘટી રહી છે ત્યારે ટ્રાફિક પોલિસ અને આર.ટી.ઓ. વિભાગની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. માર્ગ સલામતી સપ્તાહ સહિતના તાયફાઓનું અકસ્માતની ઘટનાઓથી આવી કામગીરી છતી થતી હોય તેવું સ્પષ્ટ લાગે છે. છેલ્લા કેટલાક સમયથી શામળાજી-મોડાસા-ગોધરા હાઈવે પર અકસ્માતની કેટલીય ઘટનાઓ ઘટી, જેમાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા પણ અરવલ્લી જિલ્લા ટ્રાફિક અને હાઈવે પોલિસ તેમજ આર.ટી.ઓ વિભાગની માર્ગ સલામતી કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. મોડાસાના સાકરિયા નજીક ઘમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સાકરિયા નજીકથી પસાર થતીં ટ્રક પાછળ કાર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. વાંસ ભરેલી ટ્રક પાછળ અચાનક કાર ઘૂસી ગઈ હતી, ત્યારે કારમાં સવાર ૫ લોકોને ઈજાઓ પહોંચી છે. ૫ જુલાઈના રોજ સવારના અરસામાં અકસ્માતની ઘટના ઘટી હતી. ઈજાગ્રસ્ત થયેલ પરિવાર સુરતથી રાજસ્થાનના કુંભલગઢ ખાતે જઇ રહ્યો હતો, તે સમય દરમિયાન મોડાસાના સાકરિયા નજીક આ ઘમખ્વાર અકસ્માત કાર ચાલકને નડ્યો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી અને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં માટે લઈ જવાયા હતા.

## અરવલ્લી જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવાને પુષ્પવર્ષા સાથે વિદાય

મોડાસા, તા. ૫



અરવલ્લી જિલ્લામાં અધિકારીઓ હંમેશા કંઇકને કંઇક ચર્ચાઓમાં રહેતા હોય છે પણ એવા કેટલાય અધિકારી અને કર્મચારીઓ છે કે, જેઓ બિલકુલ શાંત રહીને પણ પોતાની કામગીરી સારી રીતે નિભાવતા હોય છે, પણ આવા અધિકારીઓ કે કર્મચારીઓ જ્યારે નિવૃત્ત થાય ત્યારે સ્ટાફના કોઇપણ કર્મચારી સહજ રીતે ભાવૂક થાય. અરવલ્લી જિલ્લા પંચાયત ઇશ્ર્ન ના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવા પોતાનો ૪ વર્ષ ૮ મહિના અને ૬ દિવસનો કાર્યકાળ પૂર્ણ કરીને વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. નિવૃત્ત થતાં તેઓને વિદાય આપવામાં આવી હતી. પંચાયત આર.એન્ડ બી. વિભાગના તમામ કર્મચારીઓએ તેમના પર પુષ્પવર્ષા કરીને વિદાય આપી હતી. હંમેશા કોઈપણ કામગીરી સારી રીતે નિભાવી લોકોની સમસ્યાઓ જેમ બને તેમ ઝડપી નિરાકરણ લાવવાનો પ્રયાસ કરતા અને સરકાર સુધી તેમની રજૂઆત પહોંચાડતા હતા. લોકોના પ્રશ્નોની વાચ આપવી તેના કરતા મહત્વની વાત એ છે કે, લોકો સુધી કેવી રીતે પહોંચવું અને તેમની સાથે કેવી રીતે વાત કરવી તે ખૂબ જ જરૂરી હોય છે અને આ એક સારી બાબત જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવા સારી રીતે નિભાવતા હતા. અરવલ્લી જિલ્લામાં જવલ્લે જ અધિકારીઓને કર્મચારીઓ તરફથી આવું સન્માન મળે છે, જેમાં પહેલા ખેતીવાડી વિભાગના અધિકારી જે.આર.પટેલ અને હવે જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવા આ નામના મેળવી અને વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેઓ પર કર્મચારીઓએ પુષ્પવર્ષા કરી હતી. વર્ષો સુધી સરકારી કર્મચારી કે અધિકારી તરીકે ફરજ બજાવી જ્યારે કામગીરીથી નિવૃત્ત થઇ છીએ ત્યારે જે કર્મચારીઓ સાથે કામ કરીએ છીએ તેઓ સાથે લગાવ વધી જતો હોય છે. અને આ યાદગાર પળો જિલ્લા પંચાતના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવા તેમની સાથે લઈ ગયા, જે કર્મચારીઓ સાથે વિતાવેલી ક્ષણ હંમેશા યાદ રાખશે.